



# જન્માષ્ટમીનું વ્રત-ઉપવાસ કરવાથી જન્મ-જન્માંતરનાં પાપ નષ્ટ થઈ જાય છે

કાળચક્ર
યજ્ઞાનંદ

જન્માષ્ટમીનું પર્વ શ્રાવણ મહિનાની કૃષ્ણ-વદ પક્ષની આઠમ તિથિએ ઉજવાય છે. આ દિવસે ભગવાન કૃષ્ણનું પ્રાકટ્ય થયું હતું. એટલા માટે તેને કૃષ્ણ જન્માષ્ટમીના નામથી ઓળખાય છે.

ભગવાન કૃષ્ણે દ્વાપર યુગમાં માતા દેવકી અને પિતા વાસુદેવના ઘરે અવતાર લીધો હતો. જન્માષ્ટમીના પર્વ પર ભગવાન કૃષ્ણની બાલસ્વરૂપની પૂજા કરવામાં આવે છે.

પંચાંગની ગણતરી મુજબ આ વખતે જન્માષ્ટમી પર જન્માંતરનાં પાપોનો ક્ષય કરનારો 'જયંતી યોગ' બને છે. 3 સપ્ટેમ્બરે રાત્રે 12:26 મિનિટ પર આઠમની શરૂઆત થશે અને 4 સપ્ટેમ્બરે આઠમ તિથિનું સમાપન રાત્રે 12:14 મિનિટે થશે.

જન્માષ્ટમીનું પર્વ આ દિવસે ઉજવવું શુભ રહેશે, કારણકે ચંદ્ર રોહિણી નક્ષત્રમાં હશે. 4 સપ્ટેમ્બરે જન્માષ્ટમીનું પર્વ ઉજવાશે.

**જન્માષ્ટમી પર્વનું મહત્ત્વ અને મહિમા**

શ્રીમદ્ ભાગવત, ભવિષ્યાદિ બધાં પુરાણો અનુસાર ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ભાદરવા વદ આઠમની તિથિ, બુધવાર, રોહિણી નક્ષત્ર અને વૃષભનો ચંદ્ર અડધી રાત્રે થયો હતો. જન્માષ્ટમીનું પર્વ રોહિણી નક્ષત્ર અને શ્રાવણની આઠમ તિથિના સંયોગની સાથે સાથે જો જન્માષ્ટમી બુધવારે કે સોમવારે હોય તો તે ઘણો જ અતિ ઉત્તમ સંયોગ માનવામાં આવે છે. આ વખતે 4 સપ્ટેમ્બરે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિવસે અર્ધ-રાત્રિવ્યાપિની આઠમ તિથિ, શુક્રવાર, રોહિણી નક્ષત્ર અને વૃષભ ચંદ્રનો દુર્લભ અને પુણ્ય આપનાર યોગ બનશે.

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી રોહિણી નક્ષત્ર યોગ વગરની હોય, તો 'કેવલા' અને 'રોહિણી' નક્ષત્રવાળી હોય તો 'જ્યંતી' કહેવાય છે. 'જ્યંતી'માં બુધ કે સોમવારનો યોગ આવી જાય તો તે અતિ ઉત્કૃષ્ટ ફળદાયક હોય છે. 'કેવલાષ્ટમી' અને 'જ્યંતી'માં વધારે ભિન્નતા નથી, કારણકે આઠમ વગર જ્યંતીનું સ્વતંત્ર સ્વરૂપ ના હોઈ શકે! પ્રાચીન કાળથી જ અર્ધ-રાત્રિ-વ્યાપિની આઠમમાં રોહિણી નક્ષત્ર વગર પણ વ્રત-ઉપવાસ કરવામાં આવે છે. જન્માષ્ટમીનું વ્રત-ઉપવાસ કરવાથી વ્યક્તિનાં જન્મોજન્માંતરનાં પાપ નષ્ટ થઈ જાય છે. આ દિવસે વિશેષ ઉપાય કરવાથી ભગવાન શ્રીકૃષ્ણની કૃપા પ્રાપ્ત થાય છે અને ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે છે.

**જન્માષ્ટમીના ઉપાયઃ ધનલાભ અને સુખ-સમૃદ્ધિ**

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ બસ ભક્તિ અને ઉત્સવવાળો દિવસ નથી. પરંતુ થોડુંક આત્મચિંતન, અંદરની સફાઈ અને એક પોઝિટિવ સંકલ્પ લેવાનો સમય છે. જન્માષ્ટમીની રાત્રે કેટલાક પરંપરાગત ઉપાય કરવામાં આવે તો ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિવાળો માહોલ અને ઘણા મજબૂત બની શકે છે. તેને તમે આ પાવન ઘડીમાં સરળ રીતે અપનાવી શકો છો. 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' મંત્રનો આખો દિવસ જપ કરવાથી કૃષ્ણ ભગવાનની જેમ બધી જ રીતે સુખી થઈ જવાશે.

શ્રીકૃષ્ણ તેમના મોહક સ્વભાવ માટે જાણીતા છે. એટલા માટે તેમને 'આકર્ષણના દેવતા' પણ માનવામાં આવે છે. એટલા માટે જો તમે કોઈને પ્રેમ કરો છો અને લગ્ન કરવા ઈચ્છો છો તો જન્માષ્ટમીના દિવસે 'ક્લીં કૃષ્ણાય ગોવિન્દાય ગોપીજનવલ્લભાય સ્વાહા' મંત્રનો 108 વાર જપ કરવો. તેનાથી તમારો સંબંધ મધુર બનશે અને તમોને લગ્નમાં કોઈ વિઘ્ન નહીં આવે.

ધનપ્રાપ્તિ તેમ જ



**જન્માષ્ટમીમાં કરો: શ્રીકૃષ્ણના ચમત્કારિક પ્રયોગો-ઉપાયો**

મનોકામનાઓ પૂરી કરવા માટે આ જન્માષ્ટમી લડ્ડુ ગોપાલને ધાણાની પંજરીનો ભોગ ધરાવવો. સાથે જ કૃષ્ણ યંત્રની પૂજા કરવી. આમ કરવાથી નંદલાલા તમારી દરેક ઈચ્છા પૂરી કરશે.

- જો તમે બીજાને પોતાના તરફ આકર્ષિત કરવા ઈચ્છતા હો તો કૃષ્ણ જન્મોત્સવના સમયે કૃષ્ણ બીજ મંત્રનો 108 વાર જપ કરવો. 'ક્લીં કૃષ્ણાયનમઃ'... જપની આ પ્રક્રિયા તમે જન્માષ્ટમી પછી પણ ચાલુ રાખી શકો છો. તેનાથી લોકો તમારી તરફ ખેંચાવા લાગશે. જપ માટે સફેદ ચંદનની માળાનો ઉપયોગ કરવો ઘણો સારો રહેશે.

પરિવારમાં સુખ-શાંતિનો માહોલ બનાવવા માટે તેમ જ ઉન્નતિ માટે કૃષ્ણ જન્મોત્સવ સમયે બાલ ગોપાલને કાળા તલ ચઢાવવા. સાથે જ તેમનો અભિષેક જડી-બુટ્ટીઓવાળા જળથી કરવો. આમ કરવાથી પરિવારના સભ્ય સ્વસ્થ રહેશે.

મનોવાંછિત ફળની પ્રાપ્તિ માટે શ્રીકૃષ્ણને એક આખું છોડિયાવાળું નાળિયેર અને 11 બદામ ચઢાવવી. આમ કરવાથી તમારાં દરેક કામ સિદ્ધ થશે.

જો તમે નવો બિઝનેસ શરૂ કરવા જઈ રહ્યા હો તો ભગવાનને અર્પણ કરેલી ચીજો પોતાની દુકાન અને ફેક્ટરીમાં મૂકી દો. તેનાથી પ્રગતિ થઈ.

ભગવાન કૃષ્ણને પીતાંબરધારી પણ કહે છે એટલા માટે જન્માષ્ટમીએ લડ્ડુ ગોપાલને પીળાં વસ્ત્ર પહેરવા તેમ જ શ્રીકૃષ્ણના મંદિરમાં પીળાં કપડાં ભેટ કરવાથી નંદ લાલાની તમારા પર કૃપા થશે. તેનાથી ઘરમાં સુખ-સંપત્તિની સાથે ખુશી આવશે. જો તમારા જીવનમાં સતત ઉતાર-ચઢાવ આવતો જ હોય, તો તેમાંથી છુટકારો મેળવવા માટે જન્માષ્ટમીના દિવસે તુલસીની માળા વડે 5 અને 11 વાર જપ કરવા. આમ કરવાથી બાળગોપાળ તમારું દુઃખ હરી લેશે.



# શ્રીકૃષ્ણ ત્રૈલોક્ય વિજય કવચ

યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

'ત્રિલોક' કે 'ત્રૈલોક્ય વિજય કવચ' એક અત્યંત દુર્લભ અને શક્તિશાળી પૌરાણિક અને તાંત્રિક મંત્ર-સંરચના છે, જે સાધકને ત્રણેય લોકો (સ્વર્ગ, પૃથ્વી, પાતાળ) માં વિજય, રક્ષણ અને ઐશ્વર્ય આપે છે. ખાસ કરીને તે ભગવાન શ્રીકૃષ્ણ અને મા બગલામુખી કે ભૈરવી સાથે સંકળાયેલું છે, જેને સંકટ અને શત્રુઓ પર વિજય મેળવવા માટે અચૂક માનવામાં આવે છે.

શ્રીકૃષ્ણ ત્રૈલોક્ય વિજય કવચ - બ્રહ્મવૈવર્ત પુરાણ (ગણપતિ ખંડ)માં વર્ણવેલ એક અત્યંત દુર્લભ અને શક્તિશાળી સ્તોત્ર છે.

દેવર્ષિ નારદને પૂછવાથી ભગવાન નારાયણે બતાવ્યું હતું કે, આ કવચ ભગવાન શંકરે પણ પરશુરામજીને આપ્યું હતું.

આ કવચના પ્રભાવથી ત્રણેય લોકોમાં વિજય અને રક્ષણ મળે છે!

આ પરમ પવિત્ર અને અદ્ભુત કવચ સ્વયં શ્રીકૃષ્ણે ગોલોકમાં રાસમંડળ દરમિયાન મહાદેવને આપ્યું હતું.

તેને ધારણ કરીને બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરી છે અને સૂર્યદેવ બ્રહ્માંડમાં પ્રકાશ ફેલાવે છે.

ત્રૈલોક્ય વિજય શ્રીકૃષ્ણ કવચ - એક ઘણું જ દુર્લભ અને શક્તિશાળી આધ્યાત્મિક કવચ છે, જેનો

**આ કવચના પ્રભાવથી ત્રણેય લોકમાં વિજય થાય છે**

ઉલ્લેખ બ્રહ્મવૈવર્ત પુરાણમાં મળે છે.

●**દિવ્ય રક્ષણઃ** આ કવચ જાગ્રત, સ્વપ્ન, જળ, સ્થળ અને આકાશ દરેક પરિસ્થિતિમાં દસેય દિશાઓથી ભક્તનું રક્ષણ કરે છે.

●**સર્વકામ ફળ આપનારઃ** આ કવચ અને પાઠથી બધી મનોકામનાઓ પૂરી થાય છે અને તે કલ્પવૃક્ષ સમાન ફળ આપે છે.

●**વિષ્ણુતુલ્ય થવાય છેઃ** વિધિવત્ ગુરુપૂજન કરીને આ કવચને જમણી ભુજા કે કંઠમાં ધારણ કરનાર વ્યક્તિ ભગવાન વિષ્ણુ જેમ જ યશસ્વી અને સામર્થ્યવાન બની જવાય છે.

**લક્ષ્મી-નારાયણની કૃપાઃ** જે સ્થાન પર આ કવચ ધારણ કરવામાં આવે છે ત્યાં હંમેશાં લક્ષ્મી અને સરસ્વતીજીનો વાસ થાય છે.

●**પુણ્યપ્રાપ્તિઃ** પુરાણો અનુસાર આ કવચ ધારણ કરવાથી તેમ જ તેનો રોજ પાઠ કરવાથી યજ્ઞ, દાન, તીર્થયાત્રા અને સંપૂર્ણ પૃથ્વીની પરિક્રમા જેટલું પુણ્ય ફળ મળે છે.



# નાગ પંચમી

## નાગ-નારાયણ બલિ કેમ કરવી જોઈએ?

જડીબુટ્ટી
નજુમી

આજે તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૬, મંગળવારના રોજ શ્રાવણ વદ પાંચમ - 'નાગ પાંચમ' છે.

'નારાયણ-નાગબલીની પૂજા' વિભિન્ન સમસ્યાઓને દૂર કરવા માટે કરવામાં આવે છે... જેમ કે ભૂત, પ્રેત નડતર, વેપારમાં નિષ્ફળતા, નાણાંમાં નુકસાન, આરોગ્ય સંબંધી સમસ્યાઓ, શૈક્ષણિક સમસ્યા, લગ્ન સમસ્યાઓ, આકસ્મિક મૃત્યુ, કારણ વગરનો ખર્ચ અને બધા પ્રકારના શાપ!

ખરેખર નારાયણ નાગબલી પૂજાની પ્રક્રિયાને પૂરી કરવા માટે એક દિવસનો સમય આવશ્યક હોય છે. પૂજામાં પ્રથમ સ્નાન કરવાનું, ત્યારબાદ 'દશ-દાન' એટલે કે દશ ચીજોના દાનનો સંકલ્પ કરવાનો હોય છે. એ પછી જ ભગવાન શિવની સાધના કરવી. બધી પૂજાઓ સંકલ્પ, ન્યાસ અને કળશપૂજનથી શરૂ થાય છે. ત્યાર બાદ ભગવાન સૂર્ય, ગણેશ અને વિષ્ણુ ભગવાનનું સ્મરણ થાય છે. ત્યાર બાદ પાંચ દેવતાઓ, ભગવાન બ્રહ્મા, ભગવાન વિષ્ણુ, ભગવાન મહેશ, યમ અને તત્પુરુષની પૂજા થાય છે. પછી ક્રમશઃ અગ્નિ સ્થાપના, પુરુષ સૂક્ત હવન, એકાદશી વિષ્ણુ શ્રાદ્ધ, પંચદેવતા શ્રાદ્ધ બલિદાન, પિંડદાન, પરાશર અને બારમાનું કર્મ કરવામાં આવે છે.

આ નારાયણ-નાગબલી પૂજા આરોગ્ય સંબંધી સમસ્યાઓ, કુટુંબ-પરિવારની સમસ્યાઓમાંથી છુટકારો મળે છે. ઉપરાંત કોઈ સાપ/કોબરા મારવામાં આવેલો હોય તો પણ આ પ્રક્રિયા-પૂજા કરવી જોઈએ.

ચાંણોદ નર્મદા નદીનો કિનારો એક પવિત્ર સ્થાન છે જ્યાં બધી જ પૂજાઓનું ફળ જલ્દી મળે છે!

સર્પ બલિ

મનુષ્યે આ જન્મમાં અથવા આની પહેલાંના કોઈ જન્મમાં સાપ અથવા નાગને મારી નાખ્યો હોય કે પીડા કરી હોય - તો તેનો દોષ લાગે. પોતાનાં પુણ્ય જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી તો આ દોષની કોઈ ખરાબ અસર ન જોવાય... પણ પુણ્ય જ્યારે પરવારી જાય ત્યારે આ દોષ તેનું મહત્ત્વ બતાવે. આ સર્પનો જ દોષ છે - એવું કોઈ સારા જાણકાર વિદ્વાન જ બતાવી શકે. આ દોષના નિવારણ માટે આ સર્પ બલિ અથવા 'નાગ બલિ'નો વિધિ કરવાનો હોય છે.

નાગ અથવા સર્પને પીડા આપવામાં આવે અથવા તેમનો નાશ કરવામાં આવે તો તેમનો શાપ લાગે છે – અને તેના કારણે દેહપીડા, સંતાન-પીડા, ખરાબ સ્વપ્ન વગેરે ઉપાધિઓ જોવા મળે છે. ક્યારેક અપમૃત્યુ જેવા બનાવો બને છે. આ પ્રકારની ઉપાધિઓ દૂર કરવા 'નાગ બલિ' જ શ્રેષ્ઠ છે.

'નારાયણ બલિ' વગેરે અન્ય બલિમાં બતાવ્યા પ્રમાણે જ્યારે 'નાગ બલિ' કરવાનો હોય ત્યારે આગળના દિવસે ઘરના ઉંબરા ઉપર ચોખા મૂકીને પ્રેતનું નિમંત્રણ કરવાનું તથા ક્રિયા કરવા જતી વખતે નિમંત્રણ કરેલા ચોખા અને શ્રીફળ સાથે લઈ જવાનું. આ નિમંત્રણનો વિધિ દરેક પ્રકારના બલિ માટે એક સરખો જ છે અને આવશ્યક પણ છે.

પંચ બલિ પ્રયોગમાં પ્રથમ પ્રેત બલિ પછીના ક્રમમાં નાગ બલિ આવે છે. જો સાપ અથવા નાગના

**શ્રાવણ, ભાદરવા મહિનામાં આ વિધિ ગમે ત્યારે કરવાથી નાગદોષ, સર્પદોષ, કાલસર્પ દોષ દૂર થાય છે.**

કરડવાથી મનુષ્યનું મૃત્યુ થાય તો તે પણ અપમૃત્યુ ગણાય છે અને તે દોષકારક ગણાય છે. એટલે આવા કારણના લીધે કોઈ મરણ પામે તો તેનો આત્મા ભટકતો રહે છે. આથી તે આત્માની ગતિ થાય. તે આત્માની ગતિ થાય તે માટે આ વિધિ કરવામાં આવે છે.

જ્યોતિષ શાસ્ત્રમાં પણ સર્પ દોષ અથવા નાગ દોષનો ઉલ્લેખ આવે છે. અહીં બતાવેલા નાગ દોષમાં ઉપરનું કારણ તો હોય છે જ, પણ તે ઉપરાંત બીજાં કારણો પણ બતાવેલાં છે. જો આપણે નાગ અથવા સાપની હત્યા કરીએ અથવા તેનું રહેઠાણ તોડી પાડીએ કે પછી તેને કોઈ પણ પ્રકારે છંછેડીએ કે વિના કારણે તકલીફ આપીએ તેનો આપણને દોષ લાગે છે!

ઉપર બતાવેલાં કારણોમાંથી કોઈ પણ કારણે મનુષ્ય નાગ દોષ અથવા સર્પ દોષનો ભોગ બનેલો હોય અને તેના કારણે પોતે, પત્ની, બાળકો કે કુટુંબીજનો દુઃખી થતાં હોય... કોઈ અસાધ્ય બીમારીથી પીડાતાં હોય કે પછી ખરાબ સ્વપ્ન આવતાં હોય... અને કોઈ જાણકારની સલાહ લેવાથી સર્પદોષ કે નાગદોષનું કારણ જણાય - તો તેવા માણસે પત્ની, બાળકો સહિત પોતાનું તથા સમસ્ત કુટુંબનું કલ્યાણ થાય તે હેતુથી અહીં બતાવ્યા પ્રમાણે તે દોષના નિવારણ માટે સર્પ બલિ અર્થાત્ નાગ બલિનો વિધિ અવશ્ય કરવો. એમ કરવાથી પત્ની પરિવાર સહિત માણસ સુખપૂર્વક જીવન વ્યતીત કરી શકે!

# સંતાનપ્રાપ્તિ માટેના ઉપાય કરીને થાકી ચૂક્યા છો તો જન્માષ્ટમી પર કરો આ સરળ ઉપાય, ઘરમાં ગૂંજી ઊઠશે કિલકારી

સમસ્યા અને સમાધાન
વાય.જે.ટી.


સંતાનપ્રાપ્તિમાં વિઘ્નો આવતાં હોય અને સંતાનપ્રાપ્તિના ઉપાય કરી કરીને થાકી ગયા હોય તો આજે અમે તમોને કેટલાક ખાસ ઉપાય બતાવીશું. જેને વિધિવિધાનથી કરવાથી લાભપ્રાપ્તિ થશે. ધાર્મિક ગ્રંથોમાં સંતાનપ્રાપ્તિના અનેક ઉપાયોનું વર્ણન કરવામાં આવે છે જેને કરવાથી તે ઉપાયનું ફળ પ્રાપ્ત થાય છે. બધા ઉપાયનું અલગ અલગ મહત્ત્વ હોય છે પરંતુ જો કૃષ્ણ જન્માષ્ટમી પર કૃષ્ણ ભગવાનના એક ખાસ મંત્રનો જાપ કરવામાં આવે તો સંતાનપ્રાપ્તિમાં આવતાં તમામ વિઘ્નો પોતાનો રસ્તો બદલી નાંખે છે! જે દંપતી સંતાનપ્રાપ્તિ માટે ડોક્ટરોનાં ચક્કર કાપીને થાકી ગયાં હોય અને છતાં પણ તેમને સંતાનપ્રાપ્તિ ના થતી હોય તો કૃષ્ણ જન્માષ્ટમીના દિવસે તેમના દ્વારા 'ગોપાલ કૃષ્ણ મંત્ર'નો જાપ ''યથાશક્તિ એટલે કે પોતાના સામર્થ્ય અનુસાર 108, 1008, 1100, 2100, 5100, 11,000, 21,000, 31,000, 51000 વગેરે વાર જો શ્રદ્ધા-વિશ્વાસથી કરવામાં આવે તો સંતાનપ્રાપ્તિમાં આવતી બધી જ સમસ્યાઓ દૂર થઈ જાય છે! આ મંત્ર શરૂ કરતાં પહેલાં સ્નાન વગેરેથી પરવારીને પવિત્ર મન અને પવિત્ર હૃદયથી મંદિરમાં ઈશાન ખૂણા બાજુ મોં રાખીને આ મંત્રનો જાપ કરવો જોઈએ. આ મંત્રનો જપ કર્યા બાદ પ્રસાદવિતરણ જરૂર કરવો, જેનાથી મનની બધી ઈચ્છાઓ પૂર્ણ થશે અને ઘરમાં બાળકની કિલકારીઓ સાંભળવા મળશે.

**ગોપાલ કૃષ્ણ મંત્ર**

ઓમ દેવકીસુત ગોવિન્દ વાસુદેવ જગત્પતે,

દેહિ મે તનયં કૃષ્ણ ત્વામહં શરણં ગતઃ

જન્માષ્ટમીના દિવસે વિશેષ ઉપાય કરવાથી સાધકના જીવનમાં બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળે છે અને સંતાનસુખની પ્રાપ્તિ થાય છે. આ વખતે જન્માષ્ટમીના તહેવારના દિવસે જો ઉપાયો કરવાથી 'ધનપ્રાપ્તિ' થી માંડીને સંતાનની ઈચ્છા પૂરી થશે. જે સ્ત્રી કાનાની જેમ ગુણવાન પુત્ર મેળવવા ઈચ્છતી હોય તેમણે જન્માષ્ટમીની રાત્રે 'ઓમ શ્રીં હ્રીં ક્લીં ગ્લૌં' દેવકી સુત ગોવિન્દ જગત્પતે દેહિ મે તનયં કૃષ્ણ ત્વામહં શરણં ગતઃ' મંત્રનો 108 વાર જપ કરવો. તેનાથી તમારી મનોકામના પૂરી થશે.



દરેક ઈચ્છે છે કે, તેમનું સંતાન સુંદર હોય પરંતુ પિતૃદોષ તેમ જ અન્ય ગ્રહોના નકારાત્મક પ્રભાવના લીધે તેમની મનોકામના પૂરી થતી નથી. આ સમસ્યાને દૂર કરવા માટે કૃષ્ણ જન્મ સમયે તેમને માખણ-મિશ્રીનો ભોગ ધરાવવો અને ઝૂલો ઝુલાવવો. જો કોઈ સ્ત્રીની કૂખ બંધ હોય તો તેને જન્માષ્ટમીના દિવસે રાધા સહસ્રનામ, ગોપાલ સહસ્રનામ તેમ જ વિષ્ણુ સહસ્રનામનો પાઠ કરવો જોઈએ. પાઠ શરૂ કરતાં પહેલાં સ્ત્રી પોતાના હાથમાં ગંગાજળ લઈને સંતાનપ્રાપ્તિની કામનાનો સંકલ્પ લેવો.